# SHREE VASISHTHA VIDHYALAYA

# (Gujarati Medium/Bilingual Medium)

**“વિદ્યાધનં સર્વધનાત્ પ્રધાનમ્”**

**“કેળવણી : બાળઘડતરની દીવાદાંડી ...”**

**સંયમ એટલે સ્વયં દ્વારા કેળવાયેલી શિસ્ત. "**

**Theme :- "સ્વયંશિસ્ત" (Self Dicipline)**

**Date : 01-7-2024 થી 15-7-2024**

**આત્મીય વાલીશ્રી, વંદેમાતરમ્**

જૂન મહિનાના બીજા પખવાડિયામાં શિક્ષક મિત્રો અને વાલીશ્રીના સહયોગથી વિદ્યાર્થીએ “સત્ય” પર ખૂબ સરસ પ્રવૃત્તિ કરી અને માતા-પિતાએ બાળકના સત્યનો સ્વીકાર કર્યો. વિદ્યાર્થીઓ જીવનમાં સત્યનું મહત્ત્વ સમજ્યા. જુલાઈ મહિનાના પ્રથમ પખવાડિયામાં “સ્વયંશિસ્ત” પર આપણે કામ કરીશું.

- પહેલાંના સમયમાં વિદ્યાર્થી જીવનમાં શિસ્તનું મહત્વ અનેરું હતું. શિસ્તનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવતું. ગુરુકુળમાં રહીને વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં, જ્યાં માત્ર અભ્યાસ જ નહીં પરંતુ અન્ય બધું શીખવાડવામાં આવતું. વિદ્યાર્થીઓને પરિશ્રમ અને મહેનતનું મહત્વ સમજાવ્યા વગર વાલીઓ તેમને શાળાઓમાં અભ્યાસ કરાવે છે. એટલે દિવસે ને દિવસે બાળકોમાં શિસ્તનું મહત્વ ઓછું થતું જોવા મળે છે. પહેલા ભણતરની સાથે સાથે વિનય અને વિવેકથી વર્તન કઈ રીતે થાય તે પણ શીખવવામાં આવતું તેના બદલે હવે ભણેલાં વ્યક્તિઓ તોછડાઈ તેમજ અભિમાન ભર્યું વર્તન કરતાં જોવા મળે છે. શિસ્ત શબ્દ વિદ્યાર્થી કાળથી વ્યક્તિ સાથે જોડાયેલો હોય છે. ‘શિસ્ત’ શબ્દનો અર્થ નિયમબદ્ધ રીતે વર્તણૂક કરવું એવો થાય છે.માતા – પિતા, શિક્ષકો અને વડિલોને માન આપવું, હંમેશા સત્ય બોલવું, કોઈને પોતાનાથી તકલીફના થાય એનું ધ્યાન રાખવું, બધાં મિત્રો સાથે વિનય અને વિવેકથી વાત કરવી વગેરે. શિસ્ત એટલે સ્વ-શાસન. જીવનમાં આવતી દરેક પરિસ્થિતિમાં પોતાની જાતને સમજણથી નિયંત્રિત કરવી. પોતાની પાસે રહેલા જ્ઞાન અને સમજણશક્તિ દ્વારા પરિસ્થિતિને અનુરૂપ વર્તન કરવું જોઈએ.
- **વાલીશ્રીને ખાસ વિનંતી કે આપના બાળકમાં જયારે વેલ્યુ અને સ્કીલ બેઝ એજ્યુકેશન ડેવલપ થઈ રહ્યું છે ત્યારે આપ સંપૂર્ણ સજાગ બનીને બાળક ‘સ્વયંશિસ્ત’ના થીમ પર પ્રવૃત્તિ રસપૂર્વક કરે તે માટે સહકાર આપશો. તેમજ જરૂર પડે તો તેમને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરશો તેવી નમ્ર અભ્યર્થના...**

**PTO**

| ક્રમ | શાળામાં કરવાની પ્રવૃત્તિ |
|---|---|
| 1 | વર્ગશિક્ષકે સ્વયંશિસ્તના થીમ પર વર્ગના અને લોબીના બુલેટીન બોર્ડ પર લખાણ કે અન્ય સાહિત્ય મૂકવું. |
| 2 | વર્ગશિક્ષકે પ્રાર્થના સભામાં સ્વયંશિસ્તના થીમ પર કામ કરવું. |
| 3 | વર્ગમાં વર્ગ શિક્ષકે કે વિષય શિક્ષકે પણ સ્વયંશિસ્તનું મહત્ત્વ સમજાવવું |

## બાળકે ઘરે કરવાની પ્રવૃત્તિ

શિસ્ત, સંસ્કાર અને વિદ્યાની ત્રિવેણી સંગમ સમી આપણી સંસ્થા હર હંમેશ બાળકોના સર્વાંગીણ વિકાસ માટે યોગ્ય દિશામાં પ્રવૃત્ત રહે છે. આ મહિને આપણે બાળકો સ્વયંશિસ્તના ગુણ આત્મસાત કરે તે માટેની રચનાત્મક પ્રવૃત્તિ યોજવા જઇ રહ્યા છીએ. જેમાં બાળકો અમુક પ્રવૃત્તિ ઘરે રહીને પણ કરવાના છે તે બાબતની જાણ આપશ્રીને છે જ તો આપ બાળક દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓના સાક્ષી બની તેને જરૂર પ્રમાણે માર્ગદર્શન આપતા રહો તેવી અપેક્ષા...

**બાળક દરેક કામ પોતાના માટે કરતો થાય તે હેતુથી જાતે કામ કરવાનો પ્રયાસ**

| પોતાના કાર્ય જાતે કરવામાં સ્વયંશિસ્ત | દૈનિક કાર્યમાં સ્વયંશિસ્ત |
|---|---|
| ● હાથ ધોઈ જમવા બેસવું.<br>● મમ્મી જે બનાવે તે ખાવું.<br>● ભોજન પહેલા પ્રાર્થના કરવી.<br>● થાળીમાં ખોરાક વધારવો નહી.<br>● પોતાના વાસણ જાતે ઉઠાવવા. | ● સવારે પથારી વ્યવસ્થિત સંકેલવી / યોગ્ય જગ્યાએ મૂકવી.<br>● સવારે જાગીને સૌ પ્રથમ બ્રશ કરવું.<br>● સ્નાન કર્યા બાદ ટુવાલ સૂકવવો.<br>● સ્કૂલ યુનિફોર્મ વ્યવસ્થિત પહેરવો.<br>● સ્કૂલ શૂઝ પોલિસ કરવા / સાફ કરવા.<br>● દફતર , શૂઝ, યુનિફોર્મ યોગ્ય જગ્યાએ મૂકવા. |
| **ભણવામાં સ્વયંશિસ્ત** | **રાત્રિકાર્ય સ્વયંશિસ્ત** |
| ● રોજનું ગૃહકાર્ય રોજ કરવું.<br>● નક્કી કરેલા સમય પ્રમાણે જ TV જોવું.<br>● નક્કી કરેલા સમય મુજબ જ રમવું. | ● રાત્રે સૂતા પહેલા ભૂલ્યા વગર બ્રશ કરવું.<br>● નક્કી કરેલા સમયે સૂઈ જવું.<br>● દફતર સમયપત્રક પ્રમાણે ગોઠવવું. |

**➔ બાળક જાતે કામ કરતો થાય અને બાળકમાં સારી આદત કેળવાય તેમજ બાળક સ્વયંશિસ્તનું મહત્ત્વ સમજે તેથી બાળકે ઉપરોક્ત જે તે કાર્ય નિયમિત જાતે કરવાના રહેશે અને જે તે દિવસે કરેલ કાર્યની નોંધ અલગથી આપેલ પત્રકમાં ખરાંની નિશાની કરીને કરવાની રહેશે..**

**સહકાર બદલ આભાર**